NATIONAL SENIOR CERTIFICATE EXAMINATION
NOVEMBER 2013

# GUJARATI HOME LANGUAGE: PAPER I

Time: 2 hours | 70 marks

---

**PLEASE READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY**

1. This question paper consists of 6 pages. Please check that your question paper is complete.
2. Read the questions carefully.
3. Number your answers exactly as the questions are numbered.
4. It is in your own interest to write legibly and present your work neatly.

---

IEB Copyright © 2013

પ્રશ્ન–૧ નીચેનો ગદ્ય વાંચી પ્રશ્નોના યોગ્ય જવાબ લખો.



સંત ફ્રાન્સિસ મહારાષ્ટ્રના સાધુ જ્ઞાનદેવના લગભગ સમકાલીન કહેવાય. ૧૧૮૨માં તેનો જન્મ થયો. તેના પિતા એક મોટા વેપારી હતા. ફ્રાન્સિસના જન્મ વખતે પિતા ફ્રાન્સમાં હતા એટલે બાળકનું નામ ફ્રાન્સિસ પાડ્યું.

IEB Copyright © 2013

તેને બહુ કેળવણી મળી હોય એવું લાગતું નથી. તેના પિતા સુખી હતા, એટલે ઘણા જુવાનો ફ્રાન્સિસની આસપાસ ફરતા. એટલે કેટલોક સમય તો તે ફક્કડનો સરદાર હતો. ફક્કડ કપડાં પહેરવાં, ગાનતાન કરતાં ગામમાં ફરતા ફરવું, એ એનું જીવન હતું.

એ વિલાસવૈભવમાં પણ એનો આત્મા તદ્દન સૂતેલો ન હતો. કોઈવાર પોતાની આસપાસ ગરીબોને જોઈને તેનું અંતર ભીનું થતું અને પોતે જેટલું ખરચે છે તે કેટલા બધા ગરીબોને રોટલો આપવાને ચાલે એમ તેને વિચાર થતો.

એ વિલાસકાળનો એક પ્રસંગ નોંધવા લાયક છે. એક દિવસ પોતાની દુકાનમાં તે બીજા વેપારીને મખમલ કિનખાબ વેચતો હતો ત્યાં એક ભિખારી ભીખ માગતો આવ્યો. મખમલનો સોદો બહુ કાળજીથી થઈ રહ્યો હતો ત્યાં પેલાએ "ભિક્ષાંદેહિ"નો પોકાર કર્યો તેથી કદાચ બંને સોદાગરોને ચીડ ચડી હશે એટલે ભિખારીને કાઢવામાં આવ્યો પણ સોદો થઈ ગયો એટલે ફ્રાન્સિસે ડોકિયું કર્યું તો ભિખારી ન હતો.

"પૈસાની ભાંજગડમાં બારણે આવેલા યાચકને કાઢયો! મારા જેવો કઠોર કોણ? શું યાચક કરતાં પેલો વેપારી વધારે?" આમ વિચારતો તે પોતાની બેઠક પરથી કૂદ્યો. મખમલ મખમલને ઠેકાણે રહ્યું અને તેણે પેલા ભિખારી પાછળ દોટ મૂકી. દોડતાં દોડતાં જ્યારે પેલો ભિખારી હાથ આવ્યો ત્યારે આનંદથી તેને ભેટી તેના ગજવાં ભર્યાં. તે જ વેળા પ્રતિજ્ઞા કરી: 'આજે તો ગરીબીની અવગણના કરી અને આટલું પ્રાયશ્ચિત કરવું પડયું! હવે જિંદગીમાં કદી ગરીબને તરછોડીશ નહિ.' પ્રતિજ્ઞા કરતાં તો જાણે ફ્રાન્સિસને કશો શ્રમ જ ન પહોંચ્યો.

## અઘરાં શબ્દો

સમકાલીન – એ સમયમાં યાચક – માંગવાવાળો

ફક્કડ – સેલ્ફ વીલ્ડ ભાંજગડ – તકરાર, કજિયો

કેળવણી–ઉછેર, શિક્ષણ અવગણના – ઉપેક્ષા, અપમાન

૧.૧ સંતફ્રાન્સિસ કોના સમકાલીન કહેવાય? (2)

૧.૨ તેમનો જન્મ ક્યારે થયો? તેમના પિતા કોણ હતાં? (2)

૧.૩ તેમનું નામ ફ્રાન્સિસ કેવી રીતે પડયું? (2)

૧.૪ એમનું જીવન કેવું હતું? (2)

૧.૫ તેમને શું વિચાર થતો? (2)

૧.૬ ભિખારીને કેમ કાઢવામાં આવ્યો? (3)

૧.૭ તેમણે શા માટે દોટ મૂકી? (3)

૧.૮ તેમણે ભિખારીને શું કર્યું? (3)

૧.૯ તેમણે શું પ્રતિજ્ઞા કરી? (3)

૧.૧૦ નીચે આપેલા શબ્દો માટે સમાનાર્થી શબ્દો લખો.

અ. પિતા બ. યાચક ક. ગજવું (3)

૧.૧૧ નીચે આપેલા શબ્દોના વિરોધી શબ્દ લખો.

અ. જીવન બ. આનંદ ક. દિવસ (3)

૧.૧૨ નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.

૧.૧૨.૧ બીજા દેશની વસ્તુ (1)

૧.૧૨.૨ સાત દિવસનો સમહ (1)

**[30]**

IEB Copyright © 2013

પ્રશ્ન–૨ નીચેનો ફકરો વાંચી તેનો સારાંશ તમારા શબ્દોમાં લખો. (પાંચ થી છ લીટી)

મારો જન્મ એક મરાઠી કુટુંબમાં થયો. મારું નામ મંદાકિની. મારા પિતા નારાયણરાવ જાધવ અને માતા પ્રભાવતી બહેન.જન્મ થયો બેલગાંવમાં પણ ઉછેર અને અભ્યાસ થયો વડોદરામાં તેથી ગુજરાતી ભાષા અને સંસ્કાર મળ્યાં.મારા કુટુંબમાં ત્રણ બહેનો અને બે ભાઇ.એ બધામાં મારો કળાકારનો જીવ તેથી નાનપણથી જ અભિનય અને નૃત્યનો શોખ.વડોદરામાં કથક નૃત્યની તાલીમ લીધી,અને સ્કૂલમાં ઘણાં નાટકોમાં ભાગ લીધો.

**[10]**

પ્રશ્ન–૩ નીચે આપેલા ચિત્ર પરથી છ થી સાત લીટીમાં તમારા વિચારો લખો.



**[10]**

પ્રશ્ન–૪ નીચેનું ચિત્ર ધ્યાનપૂર્વક જોઇ આપેલા પ્રશ્નોના જવાબ લખો.




૪.૧ આ ચિત્રમાં ટાઇટલ શું છે? (3)

૪.૨ આ પ્રોડક્ટસ કઇ કંપનીની છે? (2)

૪.૩ આ પ્રોડક્ટસ શા કામમાં આવે છે? (3)

૪.૪ આ ચિત્રમાં કઇ–કઇ વસ્તુઓ છાપી છે તેનું લીસ્ટ બનાવો. (5)

૪.૫ આ પ્રોડક્ટસ મોટે ભાગે કોણ વાપરે છે? (4)

૪.૬ આ પ્રોડક્ટસ ક્યાં વપરાય શાળામાં કે રસોડામાં? (3)

**[20]**

**Total: 70 marks**